



# પ્રેમ મેળવવા પ્રેમના દેવતા કામદેવની વસંત પંચમીમાં પૂજા કરવી જોઈએ

## પંચમીના મદનોત્સવમાં ધારણ કરોઃ કામ અનંગ કવચ




વૈજ્ઞાનિકો દ્વારા એ સાબિત થઇ ચૂક્યું છે કે, જે વ્યક્તિ સંપૂર્ણ 'કામ'થી સંતુષ્ટ થાય છે તેઓ વધારે કાર્યકુશળ, વધારે ઊર્જાવાળો હોય છે. તેનામાં સમજવાની શક્તિ વધારે હોય છે. તે સમય વગર વૃદ્ધ થતો નથી. તેને સમય પહેલાં વૃદ્ધાવસ્થાનો રોગ પરેશાન કરતો નથી! વાસ્તવિક રૂપે જોઈએ તો કામ-ક્રીડા વાસનાને શાંત કરવાનો માર્ગ નથી, પરંતુ પોતાને ચિંતામુકત, ચુસ્ત, પ્રફુલ્લિત રાખવાનો માર્ગ પણ છે.

જો મનુષ્ય બહિર્મુખી હોય તો તે અપરાધ કરી બેસે છે. અને જો તે અંતર્મુખી હોય તો પોતાને દાબી દે છે!

શું તમે કયારેય દેવી-દેવતાઓનાં ચિત્રોમાં તેમને 'વૃદ્ધ અવસ્થા'માં જોયાં છે? કદાચ, કયારેય નહીં! કારણ કે બધાએ ચિરયુવાનનું વરદાન મેળવેલું હોય છે. ફકત માત્ર બ્રહ્માજીને જ વૃદ્ધ અવસ્થામાં ચિત્રમાં જોવા મળે છે!

ઈશ્વરે આપણા શરીરમાં એક પ્રકારની રાસાયણિક તથા યંત્રરૂપી ક્રિયાનું સર્જન કર્યું છે. આ ક્રિયા સુપ્તાવસ્થામાં રહે છે. મનુષ્યના મનમાં જયારે 'કામ'ની ઈચ્છા તરંગિત થાય છે, તો આ વિચિત્ર ક્રિયા જાગ્રત અવસ્થામાં આવી જાય છે અને વ્યક્તિને કામને પૂરું કરવામાં આળસ થાય છે. જો કોઈ કારણવશ મનુષ્ય આ કાર્યને સંપન્ન ના કરી શકે તો તેના મગજમાં એક પ્રકારની નિરાશા કાયમ માટે તેને ઘર કરી દે છે, જેનાથી કોઇ પણ સમયે તેને રોગગ્રસ્ત કરી શકે છે. કારણ કે 'કામ'માં ગરમી હોય છે. જે નીકળવાથી તથા તૃપ્ત થવાથી જ શાંતિ થાય છે. પરંતુ તે ગરમી મગજની નસોમાં ભ્રમણ કરતી રહે છે અને તેને ઉન્માદી બનાવે છે.

**કામ અનંગ કવચ કેમ ધારણ કરવું જોઇએ?**

જયારે જીવનમાં નિરસતા છવાઈ જાય છે, મન મગજમાં કામ-ક્રીડા ઈચ્છતાં હોય પરંતુ ઈન્દ્રિયો સાથ ના આપે.

જયારે સંપૂર્ણ કામ સંતોષ પ્રાપ્ત ના થાય. જયારે પોતાનામાં ઉદાસી છવાયેલી રહેવા લાગે. દરેક સમય સુસ્તી છવાયેલી રહે. કોઇ કાર્ય કરવામાં મન ના લાગે.

સમય વગર જ વૃદ્ધાવસ્થા આવી જાય અથવા યુવાવસ્થામાં જ વૃદ્ધ દેખાવા લાગે!

જયારે બધું જ હોવા છતાં પણ જીવન નિરસ થવા લાગે છે.

જયારે જીવનનો સુખદ સંબંધ કે સૌંદર્ય વિખેરાવા લાગે.

આવી અનેક સ્થિતિઓ જયાં દવા કે યોગ દ્વારા પણ લાભ મળતો નથી ત્યારે કામ અનંગ કવચ ધારણ કરવું જોઈએ.

કામદેવ જેમણે ભગવાન શંકર પર પણ કામનું બાણ ચલાવ્યું હતું.

આ કવચ પ્રાપ્ત કરીને તમે પોતાની સૂતેલી ભાવનાઓને ફરીથી જગાડી શકો છો. જીવનનો આનંદ મેળવી શકો છો. મસ્તીભર્યો આનંદ લઇ શકો છો. કામની ઉત્કર્ષ અવસ્થા સુધી પહોંચી

**ભગવાન કામદેવ જીવોમાં કામભાવ ઉત્પન્ન કરે છે. જેનાથી સૃષ્ટિ ચાલે છે, પૌરાણિક માન્યતાઓ અનુસાર વસંત કામદેવના મિત્ર છે**

શકો છો. જેને ધારણ કરીને વ્યક્તિ નારકીય જીવનને ત્યાગીને પૂર્ણ આનંદ પ્રાપ્ત કરવામાં સમર્થ થઇ શકો છો.

**જીવનના ચાર આયામ મુખ્ય છેઃ**

ધર્મ,અર્થ, કામ અને મોક્ષ

જીવનમાં એક વાર જે સોપાન, ઉંમર, જીવનકાળનાં થોડાંક વર્ષ મળે છે-તે છેઃ યૌવન અને તેને સ્થિર બનાવી રાખવા માટે દેવી,દેવતા, કિન્નર, ગંધર્વ વગેરે પણ પ્રયત્નશીલ રહે છે અને એ કારણે તેમણે પણ દરેક ક્ષણ-પોતાના સૌંદર્યને અક્ષુણ્ણ બનાવી રાખવા માટે સાધનાઓ કરે. પ્રયાસ કરવામાં આવે તો આશ્ચર્ય શેનું?

**વસંત પંચમીના દિવસે રાશિ અનુસાર દાન કરવાથી સુખ-સમૃદ્ધિ આવે છે**

વસંત પંચમીને વિદ્યાની દેવીના રૂપમાં ઓળખવામાં આવે છે. આ દિવસે જ્ઞાનપ્રાપ્તિ માટે સરસ્વતીજીની પૂજા કરવામાં આવે છે. પરંતુ આ દિવસે એક વધુ દેવતાની પૂજાનું વિધાન છે. વસંત પંચમીના દિવસે 'કામદેવની પૂજા'નું પણ વિધાન છે. આ દિવસે વસંત ઋતુનો પ્રારંભ થાય છે. ભગવાન કામદેવ જીવોમાં કામભાવ ઉત્પન્ન કરે છે, જેનાથી સૃષ્ટિ ચાલે છે. 'પ્રેમના દેવતા' પણ 'કામ'ને માનવામાં આવે છે. એટલા માટે પોતાના પ્રેમ-પ્યારને મેળવવા માટે કામદેવની પૂજાનું વિધાન છે. પૌરાણિક માન્યતા અનુસાર વસંત-કામદેવના મિત્ર છે. વસંત ઋતુ પર ચારે તરફ મોસમ ઘણી રંગીન અને ખુશનુમા હોય છે.ચારે તરફ પીળાં ફૂલોની બહાર છવાયેલી રહે છે. હલકી-હલકી ઠંડી હવા વહેતી રહે છે. એટલા માટે આ સમય પ્રેમ-સંબંધો માટે ઘણો અનુકૂળ માનવામાં આવે છે.

વસંત પંચમીના અવસર પર રાજા હાથી પર સવાર થઈને નગર ભ્રમણ કરતા હતા અને કામદેવના મંદિરમાં જઈને તેમનું પૂજન કરતા હતા.

કામદેવનું ધનુષ માદક ફૂલોથી બનેલું છે એટલા માટે જયારે તે પોતાનું કામબાણ કોઈના ઉપર ચલાવે છે ત્યારે તે પ્રેમપાશમાં બંધાઈ જાય છે. કોઈના પણ હૃદયમાં પ્રેમ ઉત્પન્ન કરવા માટે તેમની પત્ની રતિ તેમની મદદ કરે છે.

**ઋતુરાજ વસંતના મિત્ર છે- કામદેવ**

કામદેવ અને રતિ-ઋતુરાજ વસંતની સાથે સાથે વસંત પંચમીના દિવસે પૃથ્વી પર આવે છે અને પૃથ્વીનાં બધાં પ્રાણીઓની અંદર પ્રેમ અને યૌન ભાવનાનો વિકાસ કરે છે.

શાસ્ત્રોકત માન્યતા અનુસાર ભગવાન કામદેવ ભગવાન વિષ્ણુ અને દેવી લક્ષ્મીજીના પુત્ર છે. તેમની પત્નીનું નામ રતિ છે, જે પ્રેમની દેવી માનવામાં આવે છે.

**કેટલીક અન્ય કથાઓમાં કામદેવને બ્રહ્માજીનો પુત્ર માનવામાં આવે છે.**

કામદેવનો નિવાસ સ્ત્રીઓની આંખ સહિત યૌવન, ખૂબસૂરતી, ફૂલોનો રસ, સુંદર બાગ-બગીચા, પક્ષીઓનો સુમધુર અવાજ, મનોહર સ્થાનો, ઘરેણાં અને શરીરનાં છુપાયેલાં અંગોમાં હોય છે.

વસંત પંચમી પર આખા દિવસે અબુજ મુહૂર્ત રહે છે. જેને કારણે આપણે આ દિવસે લોકો વિવાહ, ગૃહપ્રવેશ, મુંડન, ઉપનયન (જનોઇ), પ્રોપર્ટી ખરીદ વગેરે કરે છે. આ દિવસે આ કામો કરવા માટે પંચાંગ જોવાની જરૂર નથી હોતી. જે લોકો અન્ય મુહૂર્ત પર પોતાનું શુભ કાર્ય નથી કરી શકતાં-તે વસંત પંચમી પર વણજોઇતાં (અબૂઝ) મુહૂર્તમાં કરી લે છે.

આ વર્ષે વસંત પંચમીનું પર્વ 23 જાન્યુઆરી, 2026, શુક્રવારે ઉજવાશે. આ દિવસે રાશિ અનુસાર દાન કરવાથી સુખ-સમૃદ્ધિ આવે છે.

**મેષ રાશિ -** આ રાશિનો સ્વામી મંગળ છે. તેમણે મા સરસ્વતીની કૃપા મેળવવા માટે વસંતપંચમીના દિવસે લાલ ચીજો, લાલ વસ્ત્ર, ગોળ અને લાલ ધાતુનું દાન કરવું જોઈએ.

**વૃષભ રાશિ -** વસંત પંચમીના દિવસે આ રાશિવાળાઓએ વિદ્યાની દેવીને પ્રસન્ન કરવા માટે સફેદ ચીજોનું દાન કરવું જોઈએ. તેઓ સફેદ અનાજ, મીઠાઈ કે પછીથી કપડાનું દાન કરી શકે છે.

**મિથુન રાશિ-** આ રાશિનાં જાતકોએ વસંત પંચમીના દિવસે લીલાં વસ્ત્ર, લીલાં શાકભાજીઓ, લીલું અનાજ જેમ કે મગની દાળનું દાન કરવાની સલાહ આપવામાં આવે છે!

**કર્ક રાશિ :** વસંત પંચમીના દિવસે આ રાશિનાં લોકો સફેદ વસ્ત્ર, ચાંદી અને ખીરનું દાન કરવું જોઈએ. તેનાથી કુંડળીમાં ચંદ્રની સ્થિતિ મજબૂત થાય છે અને માનસિક શાંતિ મળશે.




**કામદેવનું ધનુષ માહક ફૂલોથી બનેલું છે. તે પોતાનું કામબાણ કોઈના પર ચલાવે છે ત્યારે તે પ્રેમપાશમાં બંધાઈ જાય છે. કોઇના પણ હૃદયમાં પ્રેમ ઉત્પન્ન કરવા તેમની પત્ની રતિ મદદ કરે છે**

**સિંહ રાશિ** વસંત પંચમીના દિવસે ગુલાબી રંગની ચીજોનું દાન કરવું. આ દાન તેમના સંબંધોમાં મધુરતા અને ખુશી લાવે છે.

**કામદેવ અને રતિ વસંત પંચમીના દિવસે પૃથ્વીનાં બધાં પ્રાણીઓમાં કામ અને પ્રેમ જગાડે છે**

**કન્યા રાશિ -** આ રાશિનાં જાતકોએ વસંત પંચમીના દિવસે ઘઉં અને ફળનું દાન કરવું જોઈએ. આ દાન તેમનાં જીવનમાં ખુશી અને સમૃદ્ધિ લાવશે.

**તુલા રાશિ :** આ રાશિવાળાઓએ વસંત પંચમીના દિવસે મધ અને ચાંદીનું દાન કરવું જોઈએ. આ દાન તેમના જીવનમાં સૌભાગ્ય અને સફળતા લાવી શકે છે.

**વૃશ્ચિક રાશિ -** માની વિશેષ કૃપા મેળવવા માટે આ રાશિનાં જાતકોએ આ દિવસે નાળિયેર અને કાળા વસ્ત્રનું દાન કરવું જોઈએ. આ દાનથી તેમનાં જીવનમાં અવરોધ નડતર વગેરે દૂર કરે છે.

**ધન રાશિ -** આ રાશિનાં જાતકોએ વસંત પંચમીના દિવસે પીળાં વસ્ત્ર, હળદર અને કેળાનું દાન કરવાની સલાહ આપવામાં આવે છે.

**મકર રાશિ -** મા સરસ્વતીને પ્રસન્ન/ખુશ કરવા માટે આ રાશિનાં જાતકોએ વસંત પંચમીના દિવસે ગરીબોને પુસ્તકોનું દાન કરવું જોઈએ.

**કુંભ રાશિ-** આ રાશિવાળાં જાતકોએ વસંત પંચમીના દિવસે કલાથી સંકળાયેલી ચીજોનું દાન ગરીબોને કરવું જોઈએ.

**મીન રાશિ :** વિદ્યાની દેવીને ખુશ કરવા માટે વસંત પંચમીના દિવસે પીળા ચોખા, કેસર અને ગાયના ઘીનું દાન કરવું જોઈએ. તેનાથી તેમના જીવનમાં સમૃદ્ધિનું દ્વાર ખૂલે છે.

**વસંત પંચમીના દિવસે જન્મેલાં લોકોની વિશેષતા**

પંચમી તિથિએ જન્મેલાં લોકો મોટા ભાગે દિવાસ્વપ્ન પ્રેમી અને પ્રબળ રોમેન્ટીક સ્વભાવનાં હોય છે. કયારેક કયારેક તે થોડા નિષ્ક્રિય અથવા વધારે આશાવાદી પણ હોય છે. પરંતુ એક વાર જયારે તે કોઈ ચીજ પર ધ્યાન કેન્દ્રિત કરી લે છે તો તેમની રચનાત્મક ક્ષમતાઓ વાસ્તવમાં નિખરી ઊઠે છે.

## સરસ્વતી કવચથી મારા છોકરાને ભણવામાં મન લાગ્યું

**સમસ્યા અને સમાધાન**

**વાય.જે.ટી.**

સામાન્ય રીતે બાળકો ભણવામાં આનાકાની કરતાં જ રહે છે, કારણ કે ભણવા કરતાં રમતમાં, ટી.વી. અને મોબાઈલ જોવામાં તેમને મજા આવે છે. પરંતુ આજના યુગને જોતાં જો બાળકો સમય પર શિક્ષણ પ્રત્યે ગંભીર ના થાય તો તેનું પરિણામ આગળ જતાં કષ્ટકારક બને છે! બીજી તરફ કેટલીયે વાર બાળકો દિવસ રાત ભણતાં હોય છે પરંતુ યાદ કશું રહેતું નથી અથવા ભૂલી જાય છે, પરેશાન રહે છે.

ઉપરોકત બંને સ્થિતિમાં બાળકોને વસંત પંચમીમાં સરસ્વતી કવચ પહેરાવવું એક ઉપાય છે. કેટલાય કેસોમાં આ કવચના લાભ જોવા મળે છે. જયાં શિક્ષણ પાછળ લાખો રૂપિયા ખર્ચ થતો હોય છે ત્યાં જો નાનકડો ખર્ચ કરીને મોટો ફાયદો થતો હોય તો તેને અપનાવવું શ્રેષ્ઠ છે.

**સરસ્વતી કવચથી ભણવામાં મન લાગ્યું**

મારો એક પુત્ર છે, જેને અમે બહુ જ લાડ-પ્યારથી ઉછેર્યો છે. મારો છોકરો બીજી વાતોમાં તેજ હોવાની સાથે સાથે જ વાંચવા-લખવામાં હંમેશાં નબળો જ હતો. અમે તેને ઘણું સમજાવતા હતા કે અત્યારે ભણી લે તે જયારે પણ ભણવા બેસતો ત્યારે ભણતાં ઊંઘ આવી જતી હતી. મેં તેને અલગ અલગ સબ્જેકટનાં ટયૂશન પણ રાખ્યું હતું. પરંતુ પરિણામ શૂન્ય. પછી વિચાર્યું કે જે તેના ભાગ્યમાં હશે તે થશે. એક વાર હું મારા મિત્રને ત્યાં ગયો તો તે ઘર પર ન હતો. પછી તો હું તેના પિતાજી પાસે બેસી ગયો. તો તે 'ગુજરાતમિત્ર' પેપર જ વાંચી રહ્યા હતા. વાતો વાતોમાં તેમને આ પેપર વિશે પૂછ્યું તો તેમણે મને વાંચવા માટે આપી દીધું. કહ્યુંઃ જાતે જ જોઈ લો. આ પેપરમાં મને ઘણી જ સાચી, રોચક અને જ્ઞાનવર્ધક સામગ્રીનું સંકલન મળ્યું. તે દિવસે મંગળવાર હતો અને ગોચર-અગોચર પૂર્તિમાં સરસ્વતી કવચ વિશે વાંચીને હું ઘણો પ્રભાવિત થયો. મને આ કવચ મારા બાળક માટે ઉત્તમ અને કારગર લાગ્યું. મારા મગજમાં એક સરસ્વતી કવચ કેમ ના મંગાવી લઉં. તેના માટે મેં નંબર નોટ કરી લીધો અને દોસ્તને મળ્યા વગર જ ત્યાંથી નીકળી ગયો. ઘરે આવીને જ પ્રેસમાં ફોન કરીને સરસ્વતી કવચની જાણકારી પ્રાપ્ત કરી કવચ મંગાવ્યું. કવચ મળતાં જ સાથે જણાવેલી વિધિથી સરસ્વતી કવચમાં સરસ્વતીનાં ચરણોમાં મૂકીને ઘણી જ શ્રદ્ધા સાથે પોતાના છોકરાને ગળામાં પહેરાવી દીધું. હાફ-ઈયરલી પરીક્ષામાં તેના સારા માર્કસ જોઈને હું અચંબિત થઇ ગયો. મને વિશ્વાસ થતો નથી કે મારો છોકરો જે બિલકુલ ઓછું ભણતો હતો-તે ઘણા સારા માર્કસથી પાસ થયો. ખરેખર મા સરસ્વતીના આશીર્વાદથી હવે મારો છોકરો એકાગ્રચિત્ત થઈને ભણે છે તથા તેનું મન ભણવાથી ખસતું નથી.

**તે જયારે પણ ભણવા બેસતો હતો ત્યારે તેને ભણતાં ભણતાં ઊંઘ આવી જતી હતી. આજે તે મા સરસ્વતીજીની કૃપાથી ભણવા પ્રત્યે મન હટતું જ નથી!**

## પરિઘ યોગ શિવ યોગ રવિ યોગ પૂર્વ ભાદ્રપદ નક્ષત્ર છે

વસંત પંચમી દર વર્ષે માઘ મહિનાની સુદ પક્ષની પાંચમ તિથિએ ઉજવાય છે. આ દિવસ માતા સરસ્વતીજીને સમર્પિત હોય છે. મા સરસ્વતીને જ્ઞાન, બુદ્ધિ, વિદ્યા, સંગીત અને કળાની દેવી માનવામાં આવે છે. આ દિવસે તેમની પૂજા કરવાથી મન શાંત હોય છે અને જ્ઞાનમાં વધારો થાય છે. અભ્યાસ, સંગીત, કળા અને શિક્ષણ સાથે સંકળાયેલાં લોકો માટે આ દિવસ ખાસ માનવામાં આવે છે.

માતા સરસ્વતીને 'શારદા દેવી' પણ કહેવામાં આવે છે. 'વસંત પંચમી' એ 'શ્રી પંચમી' અને 'સરસ્વતી પૂજા'ના નામથી પણ ઓળખાય છે.

ધાર્મિક માન્યતાઓ અનુસાર મા સરસ્વતીનું પ્રાક્ટય માઘ મહિનાની સુદ પક્ષની પંચમી તિથિએ શ્રી પંચમી અને 'સરસ્વતી પૂજા'ના નામથી પણ ઓળખાય છે.

ધાર્મિક માન્યતાઓ અનુસાર મા સરસ્વતીનું પ્રાકટય માઘ મહિનાની સુદ પક્ષની પંચમી તિથિએ થયો હતો. એટલા માટે આ દિવસે તેમનો જન્મ દિવસ પણ માનવામાં આવે છે.

વસંત પંચમીની તિથિ 23 જાન્યુઆરીએ અડધી રાત્રિ 2 વાગ્યા ને 28 મિનિટે શરૂ થશે અને તિથિનું સમાપન 24 જાન્યુઆરી 2026ના રોજ અડધી રાત્રિમાં 1 વાગ્યા ને 46 મિનિટ પર થશે.

**સરસ્વતી પૂજાનું શુભ મુહૂર્ત**

આ દિવસે સરસ્વતી પૂજાનો સૌથી શુભ સમય સવારે 7 વાગ્યા ને 15 મિનિટથી લઈને બપોરે 12 વાગ્યાને 50 મિનિટ સુધી રહેશે. આ સમયમાં પૂજા કરવાથી સારાં ફળ મળે છે.

**વસંત પંચમી પૂજનવિધિ**

વસંત પંચમીના દિવસે સવારે જલદી ઊઠીને સ્નાન કરવું. નહાવાના પાણીમાં થોડુંક ગંગાજળ ભેગું કરી દો અને સ્નાન કરતા સમયે હર હર ગંગે, હર હર યમુને, હર હર સરસ્વતીનું નામ લેવું. ત્યાર બાદ ઘરના મંદિરની બરાબર રીતે સાફ-સફાઈ કરવી. પછી, એક બાજોઠ પર પીળું કપડું પાથરીને તેના પર મા સરસ્વતીનો ફોટો કે મૂર્તિ સ્થાપિત કરવાં. માની સામે ઘીનો દીવો પ્રગટાવવો અને પીળાં ફૂલ અર્પણ કરવાં. હલદી કે પીળા રંગનું તિલક/ચાંલ્લો કરવો. અને પીળી મીઠાઈનું આ નૈવેદ્ય ધરાવવું. જો તમોને મા સરસ્વતીનો કોઈ મંત્ર આવડતો હોય તો તે બોલવો, નહીં તો સરળતાથી તેમની આરતી કરી લેવી. અંતમાં માને પ્રણામ કરીને પોતાની મનોકામના તેમનાં ચરણોમાં નિવેદન કરો.



**વસંત પંચમીનું મહત્ત્વ**


વસંત પંચમીથી વસંત ઋતુની શરૂઆત માનવામાં આવે છે. આ તહેવાર પ્રેમ અને ખુશીથી મદનોત્સવથી પણ જોડાયેલો છે. કેટલીક પરંપરાઓમાં આ દિવસે રતિકામ મહોત્સવની શરૂઆત થાય છે. વસંત પંચમીની અબુજ (વણજોયું) મુહૂર્ત પણ માનવામાં આવે છે. એટલે કે આ દિવસે મુહૂર્ત જોયા વગર શુભ કામ કરી શકે છે. આ દિવસે બાળકોના અભ્યાસની શરૂઆત. નવું કામ કે વ્યવસાય શરૂ કરવું. મુંડન સંસ્કાર, અન્નપ્રાશન અને ગૃહપ્રવેશ જેવું શુભ કાર્ય કરવું ઘણું સારું માનવામાં આવે છે. આ દિવસે જ્ઞાનની દેવી મા સરસ્વતીની આરાધના કરવાનું વિધાન છે. આ દિવસે પૂજા-પાઠ કરવાથી જીવનના અંધકારનો નાશ થાય છે. સાથે જ બધાં કામોમાં સફળતા મળે છે.

શાસ્ત્રો અનુસાર સૃષ્ટિના રચનાકાર બ્રહ્માજીએ આ દિવસે જ્ઞાન, વિદ્યા, સંગીતની દેવી મા સરસ્વતીને પ્રકટ કર્યાં હતાં. તેના કારણે વસંત પંચમી એ મા સરસ્વતીનો જન્મોત્સવના રૂપે ઉજવાય છે.

**મા સરસ્વતીજીનું પ્રાકટય માઘ મહિનાની સુદ પક્ષની પંચમી તિથિએ થયો હતો એટલા માટે આ દિવસે તેમનો જન્મદિવસ પણ માનવામાં આવે છે**

**વસંત પંચમીનાં અન્ય મુહૂર્તો**

આ દિવસે બ્રાહ્મ મુહૂર્ત સવારે 05:26 વાગ્યાથી સવારે 06:20 વાગ્યા સુધી છે. જયારે અભિજિત મુહૂર્ત બપોરે 12:12 વાગ્યાથી બપોરે 12:54 વાગ્યા સુધી છે.



વસંત પંચમીની મધ્યાહ્નની ક્ષણ બપોરે બપોરે 12:33 વાગ્યે છે. એ દિવસે નિશિતા મુહૂર્ત મધ્ય રાત્રિ 12:06 વાગ્યાથી માંડીને 24 જાન્યુઆરીએ મધ્ય રાત્રિ 01:00 વાગ્યા સુધી છે.

સરસ્વતી પૂજનના સમયમાં લાભ-ઉન્નતિનું મુહૂર્ત સવારે 08:33 વાગ્યાથી સવારે 09:53 વાગ્યા સુધી છે. ત્યાર બાદ અમૃત-સર્વોત્તમ મુહૂર્ત સવારે 09:53 વાગ્યાથી સવારે 11:13 વાગ્યા સુધી રહેશે. બપોરે12:33 વાગ્યા સુધી છે. આખો દિવસ પંચક રહેશે.

**વસંત પંચમી પર પંચક અને રાહુ કાળ**

વસંત પંચમી પર રાહુ કાળ સવારે 11:13 વાગ્યાથી બપોરે 12:33 વાગ્યા સુધી છે. આખો દિવસ પંચક રહેશે. પરિઘ યોગમાં સરસ્વતી પૂજા

આ વર્ષે સરસ્વતી પૂજાના સમયે 'પરિઘ યોગ' બનશે. પરિઘ યોગ પ્રાતઃકાળથી લઈને બપોરે 03:59 મિનિટ સુધી રહેશે. ત્યાર બાદ 'શિવયોગ' બનશે. સરસ્વતી પૂજાના દિવસે 'પૂર્વ ભાદ્રપદ નક્ષત્ર વહેલી સવારથી લઈને બપોરે 02:33 મિનિટ સુધી છે. પછી 'ઉત્તર ભાદ્રપદ' નક્ષત્ર છે. વસંત પંચમીના દિવસે 'રવિ યોગ' બપોરે 02:33 થી 24 જાન્યુઆરીએ સવારે 07:13 વાગ્યા સુધી રહેશે. માતા સરસ્વતીનું પણ બધાં દેવ-દેવીઓ માફક પૂજન, હવન થાય છે તેથી જાતે તે વિધિ કરીને લાભ લેવો અને મંત્રો કે અન્ય વિધિ ના ફાવે તો કોઈ વિદ્વાન બ્રાહ્મણ કે જાણકાર પાસે કરાવીને તેનો લાભ લેવો અને મંત્રો કે અન્ય વિધિ ન ફાવે તો કોઈ વિદ્વાન બ્રાહ્મણ કે જાણકાર પાસે કરાવીને તેનો લાભ લેવો.

વસંતપંચમીના દિવસે મા સરસ્વતીનો ફોટો અથવા દિવાળી વખતે હોય છે તે ગણેશજી, મહાલક્ષ્મીજી અને સરસ્વતીજીનો સંયુકત ફોટો સામે રાખીને દીવા-અગરબત્તી પ્રગટાવવા. બે હાથ જોડીને ત્રણેય ભગવાનનાં દર્શન સાચા હૃદયથી કરવાં. જય ગણપતિદાદા, જય મહાલક્ષ્મી માતાજી, જય સરસ્વતી માતાજી.